(૫) પ્રકરણ – ૪ ના મેન્યુઅલ –રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહના વપરાશ માટેના નીતિનિયમો તથા ભાડાના દરો અને ડીપોઝીટની રકમ અંગેની જોગવાઈઓ

CHAPTER – 4 (MANUAL – 3), RULES, REGULATIONS, INSTRUCTIONS FOR DISCHARGING FUNCTIONS AT RANG UPVAN C.C. MEHTA NATYA GRUH.

સુરત મહાનગરપાલિકાની માસિક સાધારણ સભા તા. ૨૮.૩.૨૦૦૬ ના રોજ સાંજના ૪.૦૦ કલાકે મહાનગરપાલિકા કચેરીના "સરદાર વલ્લભભાઈ પટેલ સભાગૃહ" માં મળી તે સભાનો અહેવાલ.

***ઠ રા વ :–***

સ્થાયી સમિતિ ઠરાવ નં. ૪૦૩/૨૦૦૬ થી ભલામણ કર્યા મુજબ, સુરત મહાનગરપાલિકા સંચાલિત " રંગ ઉપવન " માટે સુરત મહાનગરપાલિકાના વહીવટદારશ્રી ( સ્થાયી સમિતિ) ઠરાવ નં. ૯૭૭ , તા. ૩૦.૧.૯૫ થી રંગ ઉપવન સંબંધી સિધ્ધાંતો નકકી કરવામાં આવેલ જે સિધ્ધાંતો રદ કરીને " રંગઉપવન ચં. ચી. મહેતા નાટયગૃહ " ના નવા નામાકરણ સાથે ઉપયોગમાં લેવાના નીચે જણાવેલ નવા સિધ્ધાંતો અને જોગવાઈઓ નવેસરથી મંજુર કરવામાં આવે છે.

## ***રંગ ઉપવન ચં.ચી.મહેતા નાટયગૃહ***
## ***રીઝર્વેશન / બુકીંગ***

(૧) સુરત મહાનગરપાલિકા સંચાલિત રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ ચં.ચી. મહેતા નાટયગૃહ નો ઉપયોગ કરવા ઈચ્છતી કોઈપણ સંસ્થાઓને અગર વ્યકિતઓએ છાપેલા નિયત કરેલ અરજીપત્રકમાં અરજી કરવાની રહેશે. આ અરજીપત્રક (પ્રવેશપત્રક) ગાંધી સ્મૃતિ ભવન / રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ ચં.ચી. મહેતા નાટયગૃહ ખાતે આવેલ કચેરીમાંથી રવિવાર કે જાહેર રજાના દિવસો સિવાય કોઈપણ દિવસ સવારે ૧૦.૩૦ થી બપોરે ૨.૦૦ કલાકના સમય દરમ્યાન રૂા. ૫૦/– અંકે રૂપિયા પચાસની કિંમતે મળી શકશે.

(૨) (અ) રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ નો ઉપયોગ જે તારીખે કરવાનો હોય તે તારીખેથી વધુમાં વધુ ૬૦ (સાંઠ) દિવસ અગાઉથી ઓછામાં ઓછા ૧૫ દિવસ અગાઉથી અરજી કરવાની રહેશે. પરંતુ ઉપરોકત સમયમર્યાદામાં ફેરફાર કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને રહેશે.

(બ) રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ નો ઉપયોગ જે તારીખે કરવાનો હોય તે દરમાસની પહેલી તારીખે ૬૧ થી ૯૦ દિવસ (ત્રણ મહિના ) ની સમગ્ર તારીખોનું રીઝર્વેશન પહેલા તે વહેલાના ધોરણે નિયમ મુજબના નાણાં વસુલ કરીને કરવામાં આવશે.

(ક) રાજય તથા કેન્દ્રકક્ષાના પરિવસંવાદ મીટીંગ, સેમીનાર, પ્રવચન વિગેરે કાર્યક્રમો, શૈક્ષણિક સંસ્થાઓ, સેવાકીય સંસ્થાઓ તથા એસોસીએશન વિગેરે ૯૦ દિવસથી વધુ સમય પહેલા એટલે કે બુકીંગની તારીખથી ૧૫૦ દિવસ પહેલા પૂર્વ તૈયારી માટે એડવાન્સમાં આપવા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અધિકૃત રહેશે.

(૩) રંગઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ નું રીઝર્વેશન વહેલા તે પહેલાના ધોરણે કરવામાં આવશે તેમ છતાં જો એક જ તારીખે એકથી વધુ માંગણી હશે તો તેવા સંજોગોમાં અરજદારની રૂબરૂમાં મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અથવા તેના અધિકૃત અધિકારીશ્રી ચિઠ્ઠી નાંખી રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ કોને આપવું તે અંગે નિર્ણય કરશે જે આખરી અને બંધનકર્તા રહેશે.

(૪) કોઈપણ વ્યકિત યા સંસ્થાને રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ વાપરવાની પરવાનગી આપવી કે નહી તે બાબતનો નિર્ણય મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની મનસુફી ઉપર રહેશે.

(૫) કોઈપણ સંસ્થા અગર વ્યકિતને એકી સાથે સાત દિવસ થી વધુ સળંગ સમય માટે રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ નું રીઝર્વેશન મળી શકશે નહી આમ છતાં વધુ સમય માટે રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ વાપરવા માટેનું રીઝર્વેશન આપવાની સત્તા મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને આપવામાં આવે છે.

(૬) રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ નો ઉપયોગ કરવા માટે મહાનગરપાલિકા અથવા સરકારશ્રીના કામને કોઈપણ સંજોગોમાં પ્રથમ પસંદગી આપવામાં આવશે જો તે દિવસે કોઈ સંસ્થા યા વ્યકિત તરફથી રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ નું અગાઉથી પણ રીઝર્વેશન કરવામાં આવ્યું હશે તો તે રદ થશે તેમજ ખાસ સંજોગોમાં પણ અગાઉથી મેળવવામાં આવેલ રીઝર્વેશન કોઈપણ કારણો જણાવ્યા સિવાય રદ કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીને રહેશે.આ રીતે રીઝર્વેશન રદ કરવાની જાણ જે તે વ્યકિત અગર સંસ્થાને કરવામાં આવશે. રીઝર્વેશન રદ કરવા બદલ કોઈપણ નુકશાની ચુકવવાની મહાનગરપાલિકાની જવાબદારી રહેશે. નહી તેમજ એ અંગે કોઈપણ જાતની નુકશાની માટે તરતકરાર યા દરદાવો ચાલી શકશે નહી.

(૭) રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ નો ઉપયોગ કરવા માટે જે તારીખનું રીઝર્વેશન મેળવવામાં આવ્યું હશે તે તારીખ બદલી આપવામાં આવશે નહી પરંતુ કોઈ ખાસ સંજોગોમાં તારીખ બદલી આપવાની સત્તા મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને રહેશે.

(૮) રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ નું રીઝર્વેશન મેળવનાર વ્યકિત અગર સંસ્થા રીઝર્વેશનની પરવાનગી મુજબ ઠરાવેલ તારીખે અને સમયે તેનો ઉપયોગ નહી કરે અથવા કાર્યક્રમ રદ કરે તો રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ ની ભરેલ ફી કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહી અને ખુરશીની ભરેલ ફીમાંથી ૨૦ ટકા કાપીને પરત કરવામાં આવશે. ડીપોઝીટ પાછી આપવામાં આવશે આ અંગે કોઈપણ કાયદેસરના પગલાં મહાનગરપાલિકાની સામે ભરી શકાશે નહી.

(૯) રીઝર્વેશન માટેની અરજીમાં જે વ્યકિત અગર સંસ્થાનું નામ કાર્યક્રમમાં પ્રયોજક તરીકે તેમજ જે કાર્યક્રમ દર્શાવવામાં આવ્યો હશે તેમાં કોઈપણ સંજોગોમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહી. અર્થાત્ પ્રયોજક સિવાયની કોઈપણ અન્ય ત્રાહિત વ્યકિત ને કાર્યક્રમ અંગે રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ નું પરોક્ષ કે અપરોક્ષ રીતે રીઝર્વેશન મેળવી શકશે નહી. રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ ભાડે રાખનાર કોઈ બીજાને પેટા ભાડે આપી શકશે નહી. અથવા પરવાનગી નામફેર કરી શકશે નહી. અરજદાર સિવાયની કોઈપણ અન્ય વ્યકિત કે સંસ્થા ધ્વારા કાર્યક્રમ યોજવા દેવામાં આવશે નહી. આ સિધ્ધાંતોનો ભંગ કર્યાનું માલમ પડશે તો સંબંધકર્તા વ્યકિત અગર સંસ્થા ધ્વારા અરજી સાથે ભરવામાં આવેલ ફી તથા ડીપોઝીટની તમામ રકમ જપ્ત કરવામાં આવશે તથા રીઝર્વેશન આપોઆપ રદ થયેલ ગણાશે.

(૧૦) રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ લગ્ન કે લગ્નના સંબંધી કોઈપણ કાર્ય માટે ભાડે આપવામાં આવશે નહી.

(૧૧) રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ વાપરવા માટે એક દિવસના એક શોનો ચાર કલાકનો સમય રહેશે.

(૧૨) રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ વાપરવા માટે નીચે જણાવ્યા પ્રમાણેનો સમયખંડો (સેશન) રહેશે અને એક દિવસમાં બે સમયખંડ (સેશન) રહેશે.

(૧) સવારે ૯.૦૦ થી ૧.૦૦ – પહેલુ સેશન

(૨) સાંજે ૫.૩૦ થી ૯.૩૦– બીજું સેશન

(અ) કાર્યક્રમ દિવસે પૂર્વ પ્રાથમિક રીહર્સલ સવારે સેશનના સમયમાં કાર્યક્રમ નું બુકીંગ ન થયું હશે તો ફાળવી શકાશે.

(બ) દરેક પ્રોગ્રામ માટે કલાકનો સમયખંડ રહેશે. પ્રત્યેક સમયખંડમાં પ્રારંભ પહેલાં બે કલાક અગાઉ રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ નો કબજો પરિસ્થિતિ અનુસાર પૂર્વ તૈયારી માટે પ્રયોજકને આપવામાં આવશે.

(ક) ઉપરોકત સમયખંડની મર્યાદામાં પરવાનાને આધિન રહીને વધુ સમય માટે કાર્યક્રમ ચાલશે તો દર અડધો કલાક અગર તેના ભાગ દીઠ નિયત કરેલ વધારાનો દર આપવાનો રહેશે. તેમ છતાં વધારાનો સમય વધુમાં વધુ એક કલાકનો રહેશે.

(ડ) આકસ્મિક સંજોગોમાં વધારાનો સમય એક કલાક ઉપરાંતના વધારાના સમય માટે પ્રયોજક ફી તેમજ ડિપોઝીટ એક સેશન જેટલો જ ભરવાનો રહેશે.

(૧૩) કુદરતી અગર જાહેર સુલેહ શાંતિ જોખમાય તેવા અસામાન્ય સંજોગોમાં કાર્યક્રમ રદ કરવાની પરિસ્થિતિ ઉભી થાય તો તેવા સંજોગોમાં ડિપોઝીટ તથા ફીની પુરેપુરી રકમનું રીફંડ આપવાની અથવા તારીખેની ફેરબદલી કરી આપવાની સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીને રહેશે.

***રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ ના ઉપયોગ કરવા માટેના દર :–***

(૧) રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ માં રજુ કરવામાં આવનાર નાટય પ્રયોગો, બેલે, શાસ્ત્રીય સંગીત/ શાસ્ત્રીય નૃત્ય લોકનૃત્ય રાસ–ગરબા,સુગમગીત –સંગીત ગીત– ગઝલ, ભજન, મુશાયરા, બવ્વાલી, ડાયરો, ફીલ્મીગીત , સંગીત જાદુ જેવા મનોરંજન સાંસ્કૃતિક કાર્યક્રમો માટે સન્માન સમારભો મીટીંગો ,સભાઓ સેમીનાર, પરિસંવાદ વિગેરે માટે ધંધાદારી અગર બિનધંધાદારી વ્યકિત ઓએ યા સંસ્થાઓએ નીચે જણાવ્યા પ્રમાણેની ફી તથા ડિપોઝીટ તમામ દિવસો માટે ભરવાની રહેશે.

***રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ ના ઉપયોગ કરવા માટેના દર :–***

| અ.નં. | કાર્યક્રમનો પ્રકાર | એક દિવસના એક શોની ફી દર રૂા. | એક શોની ડિપોઝીટ રૂા. |
|---|---|---|---|
| (૧) | ટીકીટના દર વગરના કાર્યક્રમ | ૮૦૦ | ૩૦૦૦ |
| (૨) | ટીકીટના દર સહીત કાર્યક્રમ | ૨૦૦૦ | ૫૦૦૦ |
| (૩) | પૂર્વ પ્રાથમિક રીહર્સલ (પહેલું સેશન) | ૪૦૦ | ૧૫૦૦ |
| (૪) | પૂર્વ પ્રાથમિક રીહર્સલ (બીજુ સેશન) | ૮૦૦ | ૩૦૦૦ |
| (૫) | કાર્યક્રમના નિયત કરેલા સમય કરતા વધારાના દર અડધો કલાકના પ્રયોજકો ભરવાના દર વધુમાં વધુ એક કલાક | અડધો કલાકના રૂા. ૨૫૦ | |
| (૬) | આકસ્મિક સંજોગોમાં વધારાનો સમય એક કલાક ઉપરાંતનો વધારાનો સમય માટે પ્રયોજકો ભરવાના દર | ૪ કલાકના કાર્યક્રમને અનુલક્ષીને નિયત કરેલા દર મુજબ | |
| (૭) | લાઈટીંગ માટે જે ખરેખર વીજળી, બળતણ થાય તે માટે રૂા. ૭/– પ્રતિ યુનિટ દીઠ આપવાનાં રહેશે. વખતોવખત જે ફેરફાર થાય એ મુજબ આપવાનું રહેશે. | | |
| (૮) | વ્યવસાયી મનોરંજન કાર્યક્રમ જેવાં કે મ્યુઝીકલ ડાન્સ , અગર જનસેવા , કાર્યક્રમો મે ફિલ્મી જગતના ફીલ્મી સ્ટારો, પાશ્રગાયકો, સંગીત નિર્દેશકો, વિગેરે જેવા નામાંકિત વ્યકિતઓ હાજરી આપવાની હોય અગર ભાગ લેવાની હોય અને તેવી જાહેરાત કરવામાં આવી હોય તેવા કાર્યક્રમો તે પ્રકારના અન્ય કાર્યક્રમો માટે ઉપરોકત ડિપોઝીટ ઉપરાંત રૂા. ૫૦૦૦ વધુ રકમ સીકયોરીટી ડિપોઝીટ તરીકે ભરવાની રહેશે. | | |

(૨) વીજળી અંગે યુનિટના દરમાં જે વખતોવખત સુધારા વધારા થાય તો તે સુધારા વધારા કરવાની સત્તા  મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને રહેશે.

(૩) રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ માં યોજના મનોરંજન/ સાંસ્કૃતિક  કાર્યક્રમોમાંજ રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ માં પ્રેક્ષકોને પ્રેક્ષક સ્થાનમાં તથા સ્ટેજ ઉપર ચા,દૂધ, કોફી,કોકો, આઈસ્ક્રીમ, કોલ્ડ્રીંકસ આપી શકશે નહી. તેમજ વહેંચી કે વેચી શકશે નહી. મહાનગરપાલિકાની ચીજવસ્તુઓ સાચવવાની જવાબદારી  રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ ભાડે રાખનારની રહેશે.  રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ નો ચાર્જ સુપ્રત કરવાની તમામ જવાબદારી  રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ ભાડે રાખનારની રહેશે.

(૪)  રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ માં યોજતા કાર્યક્રમમાં રસોઈ બનાવી પાકુ ભોજન પીરસી શકશે નહી તેમજ તૈયાર રસોઈ  રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ માં લાવી ભોજન પીરસી શકશે નહી.

(૫)  રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ ના કાર્યક્રમ માટે પ્રેક્ષાગારમાં મહાનગરપાલિકાની વધુમાં વધુ ૧૪૦૦ (એક હજાર ચારસો ) નંગ ખુરશીઓ નકકી કરેલા ભાડાના દરથી વાપરવાની રહેશે. ખુરશીઓની તમામ જવાબદારી અને ખુરશીઓ ગોઠવવાની તેમજ સાચવવાની જવાબદારી  રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ ભાડે રાખનારની રહેશે. મહાનગરપાલિકા તરફથી અનિવાર્ય સંજોગોમાં ખુરશીઓ પુરી પાડવામાં નહી આવે તો તેવા સંજોગોમાં  રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ ભાડે રાખનાર મહાનગરપાલિકાને જાણ કરીને બહારથી ખુરશીઓ લાવી શકશે.

(૬) મહાનગરપાલિકાની ખુરશીઓને કોઈપણ પ્રકારનું નુકશાન થાય તો મ્યુનિ.  કમિશ્નરશ્રી અથવા અધિકૃત અધિકારીશ્રી તેની કરેલ આકારણીની રકમ એટલે થયેલ નુકશાની અરજદાર પાસેથી વસુલ કરી શકશે.

(અ)  રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ માં વ્યકિતગત રીતે કોલેજ સંબંધીત કાર્યક્રમો જેવા કે મ્યુઝીકલ ઈવનીંગ મોર્નિંગ કાર્યક્રમ માટે ખુરશીઓ ભાડે આપવામાં આવશે નહી.

(બ)  રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ કોલેજ (સંસ્થા) ધ્વારા  બુકીંગ કરવામાં આવશે તો તે અંગે ફી તેમજ ડીપોઝીટ ઉપરાંત સીકયુરીટી ડીપોઝીટ રૂા. ૧૦,૦૦૦/– ભરવાની રહેશે.

(૭) કોઈપણ કાર્યક્રમ માટે પ્રેક્ષકોને જમીન ઉપર બેસાડવાનું થાય તો તે અંગે પાથરણા પાથરવા/ સાચવવાની જવાબદારી  રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ ભાડે રાખનારની રહેશે.

(૮) મહાનગરપાલિકાની  રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ ની લોખંડની ફોલ્ડીંગ ખુરશીનું ભાડુ પ્રત્યેક દિવસના એક શો દીઠના ૧૦૦ ખુરશીના રૂા. ૨૦૦–૦૦ લેખે લેવામાં આવશે.  રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ ની લોખંડની ફોલ્ડીંગ ખુરશી તેમજ ડેકોરેટીવ ફાઈબર ખુરશી વાપરવા માટે રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ ની ફી સાથે પ્રત્યેક દિવસના એક શો દીઠના રૂા. ૪,૦૦૦–૦૦ ખુરશીઓની ડીપોઝીટ તરીકે ભરવાની રહેશે. ઉપરાંત કાર્યક્રમના પ્રકારો પ્રમાણે ખુરશીઓની વધારાની ડીપોઝીટ લેવાની સત્તા મ્યુની. કમિશ્નરશ્રી કે અધિકૃત અધિકારીશ્રીની રહેશે.

(૯) મહાનગરપાલિકા તરફથી ડેકોરેટીવ ફાઈબરની ખુરશી પુરી પાડવામાં આવે તો એક દિવસના એક શો દીઠનું એક ખુરશીનું ભાડુ રૂા. ૪–૦૦ આપવાનું રહેશે. પરંતુ સ્ટેજ ઉપરના કાર્યક્રમ માટે ગાંધી સ્મૃતિ ભવનના ફર્નીચર ના દર મંજુર થયેલા ભાડા અનુસાર ડીપોઝીટ લીધા વગર ભાડે આપવામાં આવશે.

(૧૦) (અ) કાર્યક્રમ ને લગતું જાહેરાતનું એક બોર્ડ કાર્યક્રમની તારીખથી ૮ (આઠ) દિવસ ની અંદર વિના મુલ્યે મુકવા દેવામાં આવશે. પરંતુ તે પહેલા મુકવા માટે એક બોર્ડ દીઠનો રોજનો રૂા. ૧૦–૦૦ નો ચાર્જ આપવાનો રહેશે. અને કાર્યક્રમ પુરો થયેથી જાહેરાતનુ બોર્ડ લઈ જવામાં નહી આવશે તો રોજના રૂા. ૧૦–૦૦ નો ચાર્જ આપવાનો રહેશે. તેમજ કાર્યક્રમમાં જ સ્ટેજ ઉપર કે ફોયરમાં કાર્યક્રમ સિવાયની ધંધાદારી જાહેરાતના એક બોર્ડના બેનરના એક શો દીઠનો રૂા. ૭૫/– નો ચાર્જ આપવાનો રહેશે. ઉપરોકત ચાર્જ ૪.૦૦" × ૬.૦૦" ની સાઈઝ મુજબ રહેશે.

(બ)  ૧. પ્રોજેકટર સ્ક્રીન સ્ટેજ સિવાય મુકવામાં આવે તો નંગદીઠ રૂા. ૫૦૦/–ચાર્જ આપવાનો રહેશે.

૨. પ્રોજેકટર સ્ક્રીન, સ્ટેજ, ઓડિટોરીયમ, પ્રેષકગૃહમાં મુકવામાં આવે અને સ્ક્રીન પર ધંધાદારી જાહેરાત બતાવવામાં આવે તો રૂા. ૧૦૦૦/– ચાર્જ આપવાનો રહેશે.

(૧૧) સુરત શહેરની સંસ્થાઓનો યા વ્યકિતઓનો રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ માં કાર્યક્રમ , નૃત્ય પ્રયોગ, રાસ, ગરબા, સંગીત, જાદુ વિગેરેના પૂર્વ પ્રાથમિક રીહર્સલ માટે લાઈટ માઈક અને ફર્નીચર સિવાય માત્ર સ્ટેજ રૂા. ૪૦૦/– (ચાર કલાક માટે) ફી ભર્યેથી આપવામાં આવશે. આ અંગે રૂા. ૧,૫૦૦–૦૦ ની ડીપોઝીટ ફી સાથે ભરવાની રહેશે.

પૂર્વ પ્રાથમિક રીહર્સલ માટે ઉપરોકત ફી સવારે ૯ થી ૧ પહેલું સેશન માટે મર્યાદિત  રહેશે.

પૂર્વ પ્રાથમિક રીહર્સલ માટે પોલીસ કમિશ્નરશ્રીના પરવાના મેળવવાના રહેશે.

(૧૨) કાર્યક્રમ અંગે નીચે મુબજની વ્યવસ્થા અત્રેથી આપવામાં આવતી નથી અને તે અંગે જરૂરી વ્યવસ્થા પ્રયોજકો તરફથી કરવાની રહેશે.

(અ) સ્ટેજ તેમજ પ્રેક્ષકગૃહમાં ખુરશી મુકવાની તેમજ ગોઠવવાની વ્યવસ્થા
(બ) રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ માં મુકવામાં આવેલ લાઈટ સિવાયની વધારાની લાઈટ
(ક) સાઉન્ડ સીસ્ટમ
(ડ) પ્રેક્ષકગૃહમાં બેઠક વ્યવસ્થા માટે સીકયોરીટી ગાર્ડ તેમજ વાહન પાર્કીંગ વ્યવસ્થા અને જાળવણી માટે વધુ સીકયોરીટી ગાર્ડની વ્યવસ્થા પ્રયોજકે કરવાની રહેશે.

### *સામાન્ય સિધ્ધાંત :*

(૧) કોઈપણ પ્રયોજક તેના કાર્યક્રમ માટે પોતે જ કોઈ પોતાની સાધન સામગ્રી, સેટીંગ, ફર્નિચર, લાઈટ અંગેની સાધન સામગ્રી લાવે. તો પ્રયોજકે તેવી વસ્તુની યાદી આપવાની રહેશે. કાર્યક્રમ બાદ આવી વસ્તુઓ તુરંત જ બતાવીને લઈ જવાની રહેશે.

(૨) કાર્યક્રમ દરમ્યાન  રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ ના સ્ટેજ ઉપર કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારો તથા નેપથ્યના કસબીઓ તથા અન્ય કોઈ વ્યકિતઓ કાર્યક્રમ સાથે સંકળાયેલા હોય તે સિવાયની કોઈપણ અન્ય વ્યકિતઓને પ્રયોજકે દાખલ કરવા દેવામાં આવશે નહી. આવી બીનજરૂરી વ્યકિતઓને મેનેજમેન્ટ સ્ટેજ ઉપરથી દુર કરી શકશે.

(૩) કોઈપણ પ્રકારનું આગ બતાવતું દ્રશ્ય રજુ કરવા દેવામાં આવશે નહી. તેમજ માદક પદાર્થો (સ્ફોટક) કે સરકારી નિયમ મુજબના ગુનાહિત પદાર્થો  રંગ ઉપવન ચં.ચી. મહેતા નાટયગૃહ માં લાવવા દેવામાં આવશે નહી. આ શરતનો ભંગ કરનાર સામે પગલા લેવામાં આવશે તથા મહાનગરપાલિકા સ્થળ ઉપર જ આવા કાર્યક્રમ રદ કરવા ફરજ પાડી શકશે. ઉપરાંત ભરેલ ફી તથા ડીપોઝીટની રકમ જપ્ત કરી શકશે. જે બાબતમાં કોઈ તરતકરાર કે દર દાવો ચાલી શકશે નહી.

(૪) કોઈપણ પ્રકારના જાતીય ઉશકેરાટ ફેલાવનાર યા અશિષ્ટ કાર્યક્રમ કરી શકશે નહી. આવા કાર્યક્રમ અગાઉથી યા સ્થળ પર રદ કરવા કમિશ્નરશ્રી કે અધિકૃત અધિકારીશ્રીનો નિર્ણય આખરી બંધનકર્તા ગણાશે. આ અંગે  રંગ ઉપવન – ચં.ચી. મહેતા નાટયગૃહ ની તમામ પ્રકારની ફી તથા ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. જે બાબતમાં કોઈ તર તકરાર યા દર દાવો ચાલી શકશે નહી.

(૫) રંગ ઉપવન – ચં.ચી. મહેતા નાટયગૃહ ની પ્રિમાઈસીસમાં કે સ્ટેજ ઉપર વધારા જડિત કામો, કામચલાઉ બાંધકામ વિગેરે કમિશ્નરશ્રીની અથવા અધિકૃત અધિકારીશ્રી ની લેખિત પરવાનગી સિવાય કરી શકશે નહી.

(૬) આગ, હુલ્લડ, ધાંધલ અથવા બીજા અન્ય કારણે રંગ ઉપવન– ચં.ચી.મહેતા નાટયગૃહ નોમાલ મિલકત, વીજળી જોડાણો, રંગમંચના સાધનો, ખુરશીઓ, પેશાબખાનાઓ, જાજરૂઓ થાય તથા રંગ ઉપવન – ચં.ચી.મહેતાનાટયગૃહની બીજી કોઈ માલ મિલકતને નુકશાન થાય કે ગુમ થાય તેવા કિસ્સામાં કમિશ્નરશ્રી અથવા અધિકૃત અધિકારીશ્રી નકકી કરે તેવી નુકશાનીની રકમ રંગ ઉપવન–ચં.ચી. મહેતા નાટયગૃહ ભાડે રાખનાર પાસેથી વસુલ લેવામાં આવશે. નુકશાની આકારણીમાં કરવામાં આવેલ નિર્ણય છેવટનો રહેશે. મુકેલી ડીપોઝીટ રકમ કરતા નુકશાનીની રકમ તથા કાર્યક્રમ દરમ્યાન થયેલ ખર્ચની રકમ વધુ હશે તો લેણી રકમ અરજદારે તે સમયે જ ભરવાની રહેશે. કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના માંગણા મુજબ વસુલ કરવાના નિયમો અનુસાર વસુલ કરવા હકકદાર રહેશે. તેમજ આ અંગે જરૂર પડયેથી બીજા કાયદેસરના પગલા લઈ શકાશે. આ અંગે કોર્ટમાં દાવો ચલાવવાનો સુરતની સીવીલ કોર્ટનો હકક રહેશે.

(૭) કાર્યક્રમમાં ભાગ લેનાર સીને કલાકાર અગર અન્ય ટોચના કલાકારોનાં ચોકકસ નામોની જ પ્રયોજકે જાહેરાત કરવાની રહેશે. મતલબ કે ટીકીટના વધુ વેચાણ માટે પ્રેક્ષકોમાં છેતરામણી ભરી જાહેરાત પ્રયોજકે કે તેના પ્રતિનિધિએ કોઈપણ રીતે કરવાની નથી.

(૮) રંગ ઉપવન – ચં.ચી. મહેતા નાટયગૃહ માં રજુ થનાર કોઈપણ કાર્યક્રમમાં ફટાકડા, દારૂદાનું તથા અન્ય સળગી ઉઠે તેવા જોખમકારક સ્ફોટક પદાર્થોનો ઉપયોગ પ્રેક્ષકસ્થાનમાં ,સ્ટેજ, મેઈકઅપ રૂમમાં કેરંગ ઉપવન – ચં.ચી. મહેતા નાટયગૃહનો સમગ્ર પ્રિમાઈસીસમાં કરવા દેવામાં આવશે નહી. જે અનુસાર સળગે  તેવા સ્ફોટક ધડાકો થાય તેવા પદાર્થો  રંગ ઉપવન– ચં.ચી. મહેતા નાટયગૃહ માં લાવી રાખી શકાશે નહી. જેના ભંગ બદલની તમામ જવાબદારી પ્રયોજકની રહેશે.

(૯) રંગ ઉપવન –  ચં.ચી. મહેતા નાટયગૃહ ભાડે રાખવા માટે નિયત કરેલ ડીપોઝીટ અને ફી ભરપાઈ કર્યેથી જણાવેલ શરતો મુજબ રંગ ઉપવન – ચં.ચી. મહેતા નાટયગૃહ વાપરવા દેવા માટે લેખિત પરવાનગી આપવામાં આવશે અને રંગ ઉપવન– ચં.ચી. મહેતા નાટયગૃહ ના ચાર્જ  કર્મચારી જયારે જયારે જોવા માંગે ત્યારે અરજદારે બિનતકરારે વગર દલીલે તેમને પરવાનગી બતાવવાની રહેશે.

(૧૦) કાર્યક્રમ રજુ કરવા માટે નકકી કરેલ સમય દરમ્યાન મ્યુનિ. કમિશ્નરશ્રી, મેનેજરશ્રી ગાંધી સ્મૃતિ ભવન અથવા અધિકૃત કરેલ અધિકારીશ્રી અને રંગ ઉપવન– ચં.ચી. મહેતા નાટયગૃહ ના ચાર્જના કર્મચારી રંગ ઉપવન– ચં.ચી. મહેતા નાટયગૃહ માં દાખલ થવાના ચાર્જ આપ્યા સિવાય મહાનગરપાલિકા ની માલ મિલકત તપાસવા માટે તેમજ જણાવેલ કોઈપણ શરતનો ભંગ થયો છે કે કેમ તે જોવા માટે સંસ્થાની લેખિત યા મૌખિક  પરવાનગી લીધા સિવાય  ચાલુ કાર્યક્રમે રંગ ઉપવન– ચં.ચી. મહેતા નાટયગૃહમાં કોઈપણ સમયે દાખલ થઈ શકશે.

(૧૧) કાર્યક્રમ દરમ્યાન ભાડે રાખનાર કે સ્વયં સેવકોને કે ફેરીયાઓને રંગ ઉપવન– ચં.ચી. મહેતા નાટયગૃહની પ્રિમાઈસીસમાં કોઈપણ પ્રકારની ખાવાપીવાની (ખાણી–પીણીની ) વસ્તુઓ વેચવા દેવામાં આવશે નહી. અને વેચાણ કર્યાનું માલમ પડશે તો ડીપોઝીટની તમામ રકમ જપ્ત થશે.

(૧૨) અણધાર્યા કે આકસ્મિક સંજોગોમાં રંગ ઉપવન– ચં.ચી. મહેતા નાટયગૃહની સુવિધામાં તથા ઈલેકટ્રીક પાવર વિગેરેમાં કોઈપણ જાતનો વિક્ષેપ થાય તો તે માટે મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી.

(૧૩) રંગ ઉપવન– ચં.ચી. મહેતા નાટયગૃહમાં યોજયેલ કોઈ કાર્યક્રમમાં કોપી રાઈટનો ભંગ થશે તો તે માટે મહાનગરપાલિકાની જવાબદારી રહેશે નહી.

(૧૪) ઈલેકટ્રિક લાઈટ અને પંખા વપરાશ માટે મેનેજરશ્રી / થિયેટર સુપરવાઈઝરનો અંકુશ રહેશે.

(૧૫) રંગ ઉપવન– ચં.ચી. મહેતા નાટયગૃહ ભાડે રાખનારે રંગ ઉપવન– ચં.ચી. મહેતા નાટયગૃહ કાર્યક્રમ તેમજ પુર્વ પ્રાથમિક રિહર્સલ અંગે પોલિસ કમિશ્નરશ્રી સુરત પાસેથી પરફોમન્સ અને ટીકીટ સેલીંગ સેન્ટરનું લાઈસન્સ તથા માઈક વગાડવાનું લાઈસન્સ મેળવવું તેમજ કલેકટરશ્રી સુરતને કરમુકિત અંગે કાર્યક્રમની જાણ કરવી.

(૧૬) કાર્યક્રમ પ્રવેશ ફી વિના રાખ્યો હોય અને ફકત આમંત્રણ પત્રિકા રાખવામાં આવી હોય તો ઉપરના તમામ લાઈસન્સ ઉપરાંત સુરત મહાનગરપાલિકાને રીકવરી એન્ડ એપેલેટ ઓફિસરશ્રી પાસેથી મનોરંજન કરમુકિત ( થિયેટર ટેક્ષ ફી ) નું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. પ્રવેશ ફીનો દર રાખવામાં આવ્યા હશે તો ભરેલ ડીપોઝીટમાંથી થિયેટર ટેક્ષ (મનોરંજન કર ) વસુલ લેવો.

(૧૭) રંગ ઉપવન– ચં.ચી. મહેતા નાટયગૃહના ઉપરોકત સિધ્ધાંતના કોઈ અપવાદરૂપ અને અનિવાર્ય સંજોગોમાં છુટ મુકવાનો અધિકાર મ્યુનિ. કમિશ્નરશ્રીને રહેશે અને સિધ્ધાંતોમાં અર્થઘટન માટે અને તેમાંથી ઉપસ્થિત થતી કોઈપણ બાબતમાં મ્યુનિ. કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે. જેના ભંગ બદલ મ્યુનિ. કમિશ્નરશ્રી દંડ વસુલ કરી શકશે.

(૧૮) આયોજકે આમંત્રણ પત્રિકા વિના મુલ્યે ફોર્મમાં દર્શાવી હોય અને કાર્યક્રમના સમયે પ્રેક્ષકોની પાસે ફી લઈને ( ફીની રકમ સામાન્ય હોય તો પણ ) એન્ટ્રી આપવામાં આવે , તો તે ટીકીટ શો ગણીને તે મુજબ ભાડું તેમજ ડીપોઝીટ દંડ પેટે વસુલ કરવામાં આવશે અને તે કાર્યક્રમનું ફરીથી બુકિંગ કરવાનું રહેશે.

(૧૯) આયોજકને કાર્યક્રમમાં ગુલાલ – કંકુ તેમજ સ્ફોટક પદાર્થની સાથેની કોઈપણ કૃતિ સ્ટેજ ઉપર કરવા દેવામાં આવશે નહી આ નિયમનું ઉલ્લંઘન થતા કાર્યક્રમ બંધ કરાવવામાં આવશે.

(૨૦) સ્ટેજ ઉપરના પડદા , વિંગ્સ તેમજ દિવાલ પર પોસ્ટરો તેમજ બેનર લગાડવા દેવામાં આવશે નહી. આયોજકે પોતાના પડદા ઉપર ડેકોરેશન કરવાનું રહેશે.

(૨૧) ચાલુ કાર્યક્રમ દરમ્યાન મારા મારી, સ્ટેજ ઉપર પત્થરમારો તેમજ નશો કરતા ઘ્યાનમાં આવશે તો કાર્યક્રમ તુરંત જ બંધ કરાવવામાં તેમજ કાયદેસરના પગલા લેવામાં આવશે. સંજોગોને ઘ્યાનમાં લઈને ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૨૨) કાર્યક્રમ માટે રાખેલો આમંત્રણ પત્રિકા / ટિકિટની ઝેરોક્ષ નકલ નંગ – ૨ વેચતા કે વહેંચણી કરતા પહેલા મેનેજરશ્રીની ઓફિસમાં રજુ કરવાની રહેશે. યોજાનાર કાર્યક્રમોની સંપુર્ણ રૂપરેખા કાર્યક્રમના ત્રણ દિવસ અગાઉ લેખિતમાં અત્રેની કચેરીને પણ કરવાની રહેશે તે મુજબ જ કાર્યક્રમ કરવાનો રહેશે.

(૨૩) ટીકીટ / આમંત્રણ પત્રિકા તેમજ તમામ પ્રકારના પ્રચાર સાહિત્ય / હોર્ડીંગ્સ વિગેરે ઉપર " રંગ ઉપવન– ચં.ચી. મહેતા નાટયગૃહ" એ પ્રમાણે ફરજીયાત લખાણ કરવાનું રહેશે.

(૨૪) કાર્યક્રમ પુરો થયા બાદ તુરત જ એક કલાકની અંદર બહારથી લાવવામાં આવેલ સેટીંગ્સ તેમજ ફર્નિચર , લાઈટ ,માઈક વિ. લઈ જવાનું ફરજીયાત રહેશે. તેમ કરવામાં પ્રયોજક નિષ્ફળ જશે તો પ્રયોજકના હિસાબે અને જોખમે તેવી સામગ્રી દુર કરવામાં આવશે અને તે અંગે થયેલ ખર્ચની રકમ પ્રયોજક પાસેથી વસુલ કરવામાં આવશે.

***<u>ઠરાવ નં. ૧૦૬/૨૦૦૬ સર્વાનુમતે મંજુર .</u>***